આજવામાંથી પાણી છોડવાનું બંધ કરાયાના ૧૨ કલાક પછી પણ વિશ્વામિત્રીની સપાટી ઘટી નથી, નવા વિસ્તારો પૂરના ભરડામાં

વડોદરા,

વિશ્વામિત્રીના પૂરમાં તારાજ થઈ રહેલા વડોદરા શહેરને બચાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને મંગળવારે રાત્રે ૧૧ વાગ્યાથી આજવામાં પાણી છોડવાનું બંધ કર્યુ હતું.

જેથી આજવાનુ પાણી વિશ્વામિત્રીમાં આવતુ બંધ થાય અને શહેરમાં વિશ્વામિત્રીના પાણીની સપાટી ઘટી જાય તો લોકોને કંઈક અંશે રાહત મળે.જોકે કેલક્યુલેટેડ રિસ્ક તરીકે ગણાવાયેલા આ નિર્ણયની અસર પણ જોવા મળી નથી. ૧૨ કલાક પછી પણ વિશ્વામિત્રીનું પાણી શહેરના જળમગ્ન વિસ્તારોમાંથી ઓસરી રહ્યું નથી. ઉલટાનુ હવે વિશ્વામિત્રીના પાણી નવા વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે.

કોર્પોરેશનના સૂત્રોનું કહેવું છે કે, વડોદરામાંથી વહેતી વિશ્વામિત્રી નદીનું પાણી ઢાઢર નદીમાં ઠલવાય છે પણ અત્યારે ઢાઢર નદી જ બે કાંઠે હોવાના કારણે વિશ્વામિત્રી નદીના પાણીનો ઢાઢરમાં નિકાલ થઈ રહ્યો નથી. જેના કારણે શહેરમાં વિશ્વામિત્રીના પાણીનો કહેર યથાવત છે.

મળતી વિગતો અનુસાર પહેલેથી જ પાણીમાં ગરકાવ વિસ્તારો તો બેહાલ છે જ પણ વિશ્વામિત્રીના પાણી માંજલપુર, અટલાદરા, જુના પાદરા રોડ, જેતલપુર રોડ, વાસણા, હરીનગર-ગોત્રી જેવા વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે. આ વિસ્તારોના લોકો કશું સમજે તે પહેલા આજે સવારથી તેમની સોસાયટીઓમાં અને ઘરોમાં પાણી પ્રવેશવા માંડ્યા હતા. અહીયા રહેતા લોકોનું કહેવું છે કે, વિશ્વામિત્રીના પાણી આ વિસ્તારોમાં પહેલી વખત જોવા મળ્યાં છે.

આમ વડોદરામાં વિશ્વામિત્રીના પાણી નવા નવા વિસ્તારોને ભરડો લઈ રહ્યા હોવાથી શહેરની સ્થિતિ વધારે કફોડી બની રહી છે. ઉપરાંત વિશ્વામિત્રીના પાણીની સપાટી હવે ક્યારે ઘટશે તે અંગે કોઈ કશું કહી શકે તેમ નથી.

વડોદરાઃ પૂરમાં ફસાયેલા હજારો પરિવારોના દૂધ-પાણી માટે વલખાં, બે દિવસથી મદદ પહોંચી નથી, મોબાઈલ પણ બંધ થયા

વડોદરા,

વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદીના પૂરના પાણીએ અભૂતપૂર્વ ખાના ખરાબી સર્જી છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આજે સતત ત્રીજા દિવસે હજારો પરિવારો દૂધ અને પાણી વગર ટળવળી રહ્યાં છે. તેઓ રેસ્ક્યૂ માટે સતત સંદેશાઓ પહોંચાડી રહ્યા છે પણ હજી તેમના સુધી મદદ પહોંચી નથી.

વડોદરામાં આજે સતત ત્રીજા દિવસે ૫૦ ટકાથી વધારે વિસ્તાર પાણીમાં છે. તેમાં પણ જ્યાં રસ્તા પર પાંચથી છ ફૂટ પાણી છે તેવા વિસ્તારોમાં હજારો પરિવારો પોતાના મકાનો કે ફ્લેટમાં કેદ થઈ ગયા છે.

ફાયર બ્રિગેડ , કોર્પોરેશન, પોલીસ તંત્ર પર આવા પરિવારોને રેસ્ક્યૂ કરવા માટે હજારોની સંખ્યામાં કોલ આવી ચૂકયા છે. સેવાભાવી સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકો વડોદરામાં દૂધ અને પાણી પુરુ પાડવા માટે નીકળ્યાં છે પણ પૂરના પાણીમાં તેઓ બધે પહોંચી શકે તેમ નથી. જેના કારણે પાણી વચ્ચે પોતાના ઘરોમાં ફસાયેલા કેટલાય લોકો પાણી અને દૂધ વગર ટળવળી રહ્યાં છે. બે દિવસથી વીજળી પણ નહી હોવાના કારણે તેમને પીવાના પાણીના પણ ફાંફા છે.

આવા ઘણા લોકો સુધી તંત્ર પહોંચી શક્યું નથી અને હવે તો વડોદરાના સેંકડો લોકો એવા પણ છે જેઓ વીજળીના અભાવે મોબાઈલ ચાર્જ નહી કરી શકતા હોવાથી તેમનો બહારની દુનિયા સાથે સંપર્ક પણ કપાઈ ગયો છે. તેઓ મદદ માટે સંદેશો મોકલી શકે તેવી સ્થિતિમાં પણ કદાચ નથી. તંત્ર દ્વારા હવે ફાયર બ્રિગેડ, એનડીઆરએફ અને સાથે આર્મીની પણ મદદ લેવામાં આ વી રહી છે. આમ છતા ફસાઈ ગયેલા હજારો પરિવારો સુધી મદદ ક્યારે પહોંચશે તેની કોઈને ખબર નથી.

પૂર્વ મેનેજર સહિત ૩ શખ્સોએ ૩૨.૪૦ લાખની છેતરપિંડી આચરી

આણંદ

ખંભાતની પંજાબ નેશનલ બેંકના પૂર્વ મેનેજર સાથે કાવતરૂં રચી એક શખ્સે બેંક કર્મી તરીકે ખોટી ઓળખ આપી ૧૨ વેપારીઓ પાસેથી મુદ્રા લોન અપાવવાના બહાને દસ્તાવેજો લઈ ગાયો માટેની લોન લઈ કુલ રૂ. ૩૨.૪૦ લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે ખંભાત શહેર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખંભાતના મોટી ચુનારવાડ ખાતે રહેતા અને પતંગનો વ્યવસાય કરતા સુરેશભાઈ ઠાકોરભાઈ ચુનારા અવાર-નવાર પ્રેસ રોડ ઉપર આવેલી પંજાબ નેશનલ બેંક ખાતે જતા હતા. જ્યાં તેમની ઓળખાણ વડોદરાના વિશાલભાઈ જયંતિભાઈ ગજ્જર સાથે થઈ હતી. તેણે બેંકનો કર્મચારી હોવાનું જણાવી મુદ્રા લોન અપાવવાની વાત કરી હતી. તેવામાં વર્ષ ૨૦૨૧માં ચુનારા સમાજના અન્ય ૧૧ વેપારીઓને નાણાંની જરૂરિયાત ઉભી થતાં તેમણે મુદ્રા લોન લેવા માટે જરૂરી દસ્તાવેજો વિશાલભાઈને આપ્યા હતા. થોડા દિવસો બાદ પુછપરછ કરતા વિશાલભાઈએ દસ્તાવેજો ગુમ થઈ ગયા હોવાનું જણાવી બીજા દસ્તાવેજોની માંગણી કરતા વેપારીઓએ નવા દસ્તાવેજો આપ્યા હતા અને કોરા ફોર્મ ઉપર સહીઓ કરાવી લીધી હતી. બાદમાં તેણે બેંક મેનેજર રાકેશભાઈ ચૌધરીની સાથે મળી ભાણાભાઈ ભોજાભાઈ ભરવાડ અને વાલાભાઈ ગોવિંદભાઈ ભરવાડ (બંને રહે.ખંભાત)ના નામના ગાયોના વેપારી હોવાના ખોટા કોટેશન બીલ બનાવી બેંકમાં રજૂ કરી રૂા.૩૨.૪૦ લાખની ગાયો માટેની લોન લઈ, લોનના નાણાં અંગત કામમાં વાપરી નાખ્યા હતા. લોનના બાકી હપ્તા પેટે સુરેશભાઈને નોટિસ મળી હતી. જેથી તેમણે બેંકમાંથી દસ્તાવેજો કઢાવતા સમગ્ર હકીકત પ્રકાશમાં આવી હતી. જેથી સુરેશભાઈની ફરિયાદના આધારે ખંભાત શહેર પોલીસે વિશાલભાઈ જયંતિભાઈ ગજ્જર, રાકેશભાઈ ચૌધરી અને નટુભાઈ દેવાભાઈ ભરવાડ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં ગોબરી બ્રિજનો રોડ કાગળની જેમ ધોવાયો



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં વરસેલા ૨-૩ ઈંચ જેટલાં વરસાદમાં ગોબરી બ્રિજનો રોડ ધોવાયો છે. રોડ પર ઠેર ઠેર ૨-૩ ફૂટ ઊંડા ખાડા પડી જતા ગમે તે સમયે અકસ્માત સર્જવાની ભીતિ સેવાઈ રહી છે. જો કે સામાન્ય વરસાદમાં જ રોડ ધોવાઈ જતા કોન્ટ્રાકટરની હલકી ગુણવત્તા વાળી કામગીરીની પોલ ખુલી પડી છે. જિલ્લા મથક પાલનપુર-અમદાવાદ હાઈવે નજીક શહેરમાંથી અમદાવાદ હાઈવે પર જવાના માર્ગ પર પાલનપુરથી અમદાવાદ રેલવે લાઈનની રેલવે ફાટક આવેલી હતી. જોકે આ રેલવે ફાટક અવારનવાર બંધ હોવાને કારણે વાહન ચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. જોકે વાહન ચાલકોને રેલવે ફાટકમાંથી મુક્તિ મળે તે હેતુસર સરકાર દ્વારા રેલવે ફાટક પર ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે.અને બે વર્ષ અગાઉ આ ઓવરબ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જો કે બ્રિજ બન્યા ને હજુ તો બે જ વર્ષ થયા છે અને તેવામાં છેલ્લા ત્રણ દિવસમાં પાલનપુરમાં બેથી ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો અને આ વરસાદને કારણે ગોબરી ઓવરબ્રિજનો રોડ કાગળની જેમ ધોવાઈ ગયો છે. વરસાદને પગલે ઓવરબ્રિજનો રોડ ધોવાતા રોડ પર ઠેર ઠેર બેથી ત્રણ ફૂટ ઊંડા ખાડા પડી ગયા છે અને તેને કારણે વાહન ચાલકો આ બ્રિજ પરથી પસાર થતી સમયે મુશ્કેલીનો સામનો કરવા મજબૂર બન્યા છે. મહત્વની વાત છે કે રોડની એક તરફનો ભાગ ધોવાઈ જતા તમામ વાહનો એક ભાગમાંથી પસાર થઈ રહ્યા છે અને તેને જ કારણે ગમે તે સમયે મોટો અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. જોકે બે વર્ષ પહેલા બનેલા ઓવરબ્રિજનો માર્ગ સામાન્ય વરસાદમાં જ ધોવાઈ જતા અત્યારે તો કોન્ટ્રાક્ટરની હલકી ગુણવત્તાવાળી કામગીરીની પોલ ખુલી ગઈ છે.

વડોદરામાં બે વીજ સબ સ્ટેશનો પાણીમાં, ૬૮ ફીડરો બંધ, ૭ લાખ કરતા વધારે લોકો અંધારપટ હેઠળ

વડોદરા,

વડોદરામાં વિશ્વામિત્રીના પૂરના પાણી નવા વિસ્તારોમાં પ્રવેશ્યા બાદ વીજ પુરવઠાની સ્થિતિ વધારે વણસી છે. કારણકે વધુ કેટલાક વિસ્તારોમાં સુરક્ષા ખાતર મધ્ય ગુજરાત વીજ કંપનીએ વીજ સપ્લાય બંધ કરી દીધો છે. એક અંદાજ અનુસાર અત્યારે વડોદરાના ૬થી સાત લાખ લોકો લાઈટો વગર છે.

વીજ કંપનીના સૂત્રોએ કહ્યું હતું કે, વિશ્વામિત્રીના પાણી જેટકોના અટલાદરા તેમજ વિદ્યુતનગર સબ સ્ટેશનમાંથી પ્રવેશી ગયા હોવાથી આ બંને સબ સ્ટેશનો બંધ કરવા પડ્યા છે. જેના પગલે આ સબ સ્ટેશનોમાંથી ૪૫ વીજ ફીડરો પરનો સપ્લાય બંધ કરવામાં આવ્યો છે.

જેના કારણે વડોદરાના જૂના પાદરા રોડ, અકોટા, જેતલપુર રોડ, ગોત્રી, અલકાપુરી, અટલાદરા, વાસણા, ગોત્રી જેવા વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે.વિશ્વામિત્રીના પૂરના કારણે ગઈકાલથી કારેલીબાગ, હરણી, સમા-સાવલી રોડ, ફતેગંજ જેવા વિસ્તારોમાં લાઈટો બંધ કરવામાં આવી હતી અને આજે પણ આ વિસ્તારોમાં તો પાવર સપ્લાય શરુ થવાનો કોઈ સવાલ નથી પરંતુ નવા વિસ્તારોમાં પણ પાણી ઘૂસી ગયા હોવાથી શહેરના કુલ ૬૮ ફીડરો બંધ કરવા પડ્યા છે. ૩૭૦ ટ્રાન્સફોર્મરો પાણીમાં છે.

આમ વડોદરામાં ૬ લાખ કરતા પણ વધારે લોકો અંધારપટ હેઠળ છે અને જ્યાં સુધી પૂરના પાણી ઉતરે નહી ત્યાં સુધી વીજ પુરવઠો ચાલુ કરી શકાય તેમ નથી.

એમજીવીસીએલના એમડી તેજસ પરમારે કહ્યું હતું કે ઘણા લોકો વીજ પુરવઠો ચાલુ કરવા માટે મેસેજ કરી રહ્યા છે પણ પાણી સતત વધી રહ્યું હોવાથી વીજ પુરવઠો ચાલુ કરી શકાય તેમ નથી. નાગરિકોને વિનંતી છે કે, ધીરજ રાખે. જેમ જેમ પાણી ઉતરશે તેમ તેમ અમે લાઈટો ચાલુ કરવાની કોશીશ કરીશું. વ્યક્તિગત ફરિયાદોનો ઉકેલ લાવવા માટે વીજ કંપનીનો સ્ટાફ પ્રયત્ન કરી રહ્યો છે. પાણી પૂરુ પાડતા બૂસ્ટર સ્ટેશનોનો વીજ સપ્લાય શરુ કરવાને પ્રાથમિકતા અપાશે.

તેમણે કહ્યું હતું કે, વડોદરામાં સંખ્યાબંધ ઈમારતો એવી છે જેના બેઝમેન્ટમાં વીજ મીટરો આવેલા છે અને બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાના કારણે આ મીટરો પણ અત્યારે પાણીમાં છે. જેના કારણે આ ઈમારતોમાં પણ વીજ પુરવઠો ચાલુ કરી શકાય તેવી સ્થિતિ નથી.

વડોદરાઃ ૩૫.૨૫ ફૂટના લેવલ પછી વિશ્વામિત્રી નદીનું મેજરમેન્ટ લેવું શક્ય નથી

વડોદરા,

વડોદરામાં વિશ્વામિત્રિ નદીના રૌદ્ર સ્વરૂપે અડધા શહેરને બાનમાં લીધું છે, ત્યારે તા. ૨૬ની રાતથી વિશ્વામિત્રી નદીની સપાટી પર શહેરીજનોની નજર હતી. ૨૯ ફૂટની સપાટી પછી જેમ વધારો થતો હતો તેમ નદીના પાણી શહેરના નિચાણવાળા વિસ્તારમાં પ્રવેશતા જતા હતા. ધીમે ધીમે કરતા નદીનું લેવલ ૩૫ ફૂટને પણ ક્રોસ કરી ગયું હતું. જેમાં અડધું શહેર લપેટાઈ ગયું હતું .તારીખ ૨૭ની બપોરે ૨:૦૦ વાગ્યે નદીની સપાટી ૩૫.૨૫ ફૂટ થઈ હતી. એ પછી નદીના લેવલમાં સતત વધારો થતો રહ્યો હતો, પરંતુ લેવલ ૩૫.૨૫ ફૂટ જ દર્શાવતું રહ્યું હતું. જેના કારણે લોકોને નદીની સપાટીનો સાચો અંદાજ મળી શકતો ન હતો. હજુ પણ નદીની સપાટી ૩૫.૨૫ ફૂટ દર્શાવે છે. દરમિયાન કોર્પોરેશનના વર્તુળોના જણાવ્યા મુજબ વિશ્વામિત્રીની સપાટી હાલમાં ૩૫.૨૫ ફૂટ બતાવવામા આવે છે, પરંતુ આ લેવલ પછી મેજરમેન્ટ લેવુ શક્ય હોતુ નથી.

આ લેવલથી ઉપરના લેવલે જ નદીનું પાણી વહેતું હોય છે, અને બ્રીજની આજુબાજુમાંથી પ્રસરતું હોય છે.

સત્યા માઈક્રો કેપિટલમાં કર્મીએ ૪.૩૩ લાખની ઉચાપત કરી

નડિયાદ

નડિયાદના પીજ રોડ પર લાલવાણી કોમ્પ્લેક્સમાં આવેલી એક ખાનગી ફાઈનાન્સ કંપનીના કર્મચારીએ ૫૭ મહિલા લોન ધારકો પાસેથી હપ્તા પેટે કુલ રૂ. ૪.૩૩ લાખ ઉઘરાવી કંપનીમાં જમા ન કરાવી ઉચાપત કરી હતી. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદના શ્રેયસ ગરનાળાની ઉપર આવેલા લાલવાણી કોમ્પ્લેક્સમાં આવેલી ખાનગી ફાઈનાન્સ કંપની સત્યા માઈક્રો કેપિટલ લિ.ની બ્રાન્ચમાં સંજય કિરીટ ચૌહાણ (રહે. શીલી, તા.ઉમરેઠ) તા. ૨૧ જૂન ૨૦૨૧થી નોકરી કરતો હતો. તે ફાઈનાન્સ કંપનીમાંથી ઈચ્છુકોને લોન આપવાની સાથે આપેલા લોનના હપ્તાની લોનધારકો પાસેથી ઉઘરાણી કરવાનું કામ કરતો હતો.

સંજયે પોતાના ફરજકાળ દરમિયાન ફાઈનાન્સ કંપનીમાંથી દક્ષાબેન રાવળ, રાધાબેન ગોહેલ, ગીતાબેન ગોહેલ સહિત કુલ ૫૭ મહિલાઓને લોન અપાવી હતી. જેમની પાસેથી હપ્તા પેટે કુલ રૂ. ૪,૩૩,૯૩૧ ઉઘરાવ્યા હતા પરંતુ તેને કંપનીમાં જમા કરાવ્યા ન હતા. કંપની દ્વારા મે-૨૦૨૩માં ઓડિટ કરાવતા બાકી લોન ધારકોનો આંકડો મોટો હોવાનું સામે આવ્યું હતું. જે અંગે કંપનીએ તપાસ કરાવતા સંજય ચૌહાણે ઉચાપત કરી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી શખ્સને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

ભાવનગરની જીવાદોરી શેત્રુંજી ડેમની સપાટી ૨૪ ફૂટની નજીક પહોંચી

ભાવનગર

ભાવનગરની જીવાદોરી એવા શેત્રુંજી ડેમના જળસ્ત્રાવ ક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં સારા વરસાદને પગલે ડેમમાં ફરી પાણીની આવક શરૂ થઈ છે. ગઈકાલે શુક્રવારે મધ્યાહ્નથી આજે શનિવારે મધ્યાહ્ન સુધી ડેમમાં પાણીની આવક ૮૦૭ ક્યૂસેક રહેતા ડેમની સપાટી બે ઈંચ વધ્યા પછી આજે મધ્યાહ્ન સમયે પાણીની આવકનો પ્રવાહ વધીને ૨૦૩૦ ક્યૂસેક રહ્યો જે સાંજે ઘટીને ફરી ૮૦૭ ક્યૂસેક થઈ ગયો હતો. શનિવારે સાંજે ૬ કલાકની સ્થિતિએ ડેમની સપાટી ૨૩ ફૂટ ૧૧ ઈંચે પહોંચી હતી. સિંચાઈ વિભાગ અનુસાર આગામી કલાકોમાં પાણીનો પ્રવાહ વધે તેવી સંભાવના છે.મઘા નક્ષત્રમાં ગોહિલવાડ મન મુકીને વરસી રહ્યાં છે. છેલ્લા પાંચેક દિવસથી ભાવનગરની જીવાદોરી એવા શેત્રુંજી ડેમના જળસ્ત્રાવ ક્ષેત્રમાં આવતા ગારિયાધાર, પાલિતાણા ઉપરાંત અમરેલીના બાબરા અને સાવરકુંડલા પંથકમાં સારા વરસાદને પગલે ડેમમાં નવા નીરની આવક શરૂ થઈ છે. ભાવનગરની જીવાદોરી એવા શેત્રુંજી ડેમમાં ગઈકાલે મધ્યાહ્નથી આજે મધ્યાહ્ન સુધી ૮૦૭ ક્યૂસેકની પાણીની આવક શરૂ રહેતા ડેમની સપાટી ૨૩ ફૂટ ૭ ઈંચે સ્થિર હતી તે ૨૪ કલાકમાં ૨ ઈંચ વધીને ૨૩ ફૂટ ૯ ઈંચ નોંધાઈ હતી. જે બાદ આજે બપોર ૧૨ થી સાંજે ૬ કલાક સુધી શેત્રુંજી ડેમમાં પાણીનો પ્રવાહ વધીને ૨૦૩૦ ક્યૂસેક રહેતા સાંજે ૬ કલાકે ડેમની સપાટી ફરી ૨ ઈંચ વધીને ૨૩ ફૂટ ૧૧ ઈંચે પહોંચી હતી અને સાંજે ૬ કલાકની સ્થિતિએ ડેમમાં ૮૦૭ ક્યૂસેક પાણીની આવક શરૂ રહી હતી. સિંચાઈ વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર આગામી કલાકોમાં ડેમમાં પાણીની આવક વધે તેવી પ્રબળ સંભાવના છે. શેત્રુંજી ડેમ હાલ ૪૭.૬૧ ટકા ભરાયેલો છે.

જુગારની બાજી માંડી બેઠેલા ૩૪ ગેમ્બલર પોલીસની ઝપટે ચડયાં

ભાવનગર

ભાવનગર શહેર, બોટાદ જિલ્લા અને ધંધુકા પંથકમાં જુગારની બાજી માંડીને બેઠેલા ૩૪ ગેમ્બલર પોલીસની ઝપટે ચડયાં હતા. જુદા-જુદા પાંચ શખ્સે પોલીસે પાડેલા દરોડામાં રોકડ, મોબાઈલ ફોન, બાઈક, ટોર્ચ અને ગંજીપાના સહિતનો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

પ્રથમ બનાવમાં બોટાદના સાળંગપુર રોડ, મહમદનગર, પાણીની ટાંકીના વાલ પાસે સ્ટ્રીટલાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા ઝાકીર સલીમભાઈ ઉનાણી, સોહિલ ઉર્ફે બકરી સલીમભાઈ ધાનાણી, યુસુફ ઉર્ફે દુડી બાબાભાઈ કાસલિયા અને મહમદ અભરામભાઈ મીણાપરા નામના ચાર જુગારીને બોટાદ પોલીસે રોકડ, ગંજીપાના સાથે દબોચી લીધા હતા. બીજા બનાવમાં બોટાદ એલસીબીની ટીમે રાણપુર તાલુકાના અળવ ગામથી બોટાદના રસ્તે દરબારી સીમમાં ટોર્ચ લાઈટના અજવાળે જુગાર રમતા ગોબર ઉર્ફે મુકેશ ભીખાભાઈ જાંબુકિયા, નારણ મગનભાઈ જાંબુકિયા, બળદેવ ચતુરભાઈ પરમાર, હિતેષ કાનજીભાઈ રાઠોડ, ઘનશ્યામ ભીખાભાઈ જાંબુકિયા, રમેશ ઈશ્વરભાઈ પરમાર, પ્રવીણ કવાભાઈ ડણિયા, દેવજી ઈશ્વરભાઈ ચૌહાણ, મુકેશ દયાળભાઈ બાટિયા, મનજી ચતુરભાઈ પરમાર, મુકેશ ભીખાભાઈ કાલિયા, નરેશ કવાભાઈ ડણિયા અને દયારામ સુખાભાઈ સોનાગરા નામના ૧૩ શખ્સને રોકડ, ટોર્ચ લાઈટ, ગંજીપાના સાથે ઝડપી લઈ રાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્રીજા બનાવમાં રાણપુર તાલુકાના કેરિયા ગામથી ધારપીપળાના માર્ગે જુગાર રમી રહેલા દેવજી રઘાભાઈ મેટાળિયા, રાજુ મશરૂભાઈ કટકિયા, વિપુલ દેવશીભાઈ મેટાળિયા, અટનુસ ધારશીભાઈ સાંકળિયા, જીજ્ઞેશ વશરામભાઈ અણિયાળિયા અને બટુક રઘાભાઈ મેટાળિયા નામના છ શખ્સને રોકડ, ગંજીપાના સાથે રાણપુર પોલીસે ઝબ્બે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ચોથા બનાવમાં ધંધુકા શહેરના દેકાવાડા હવેલીના ઓટલે તીનપત્તીનો જુગાર રમતા વિશાલ જગદીશભાઈ જાદવાણી, મૌલિક સંજયભાઈ શાહ અને જયદીપ કમલેશભાઈ સોમાણી નામના ત્રણ જુગારીને અમદાવાદ ગ્રામ્ય એલસીબીની ટીમે રોકડ, બે મોબાઈલ ફોન સાથે ઝડપી લીધા હતા. જ્યારે સાફીલ મેમણ નામનો એક શખ્સ નાસી જતાં એલસીબીએ તમામ સામે ધંધુકા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. પાંચમાં બનાવમાં ધંધુકા પોલીસના સ્ટાફે ભલગામડા ગામે દરોડો પાડી ભાવેશ ઉર્ફે ડુઘો પ્રેમજીભાઈ કુકવાવા, હર્ષદ ઉર્ફે ગોબર મુકેશભાઈ ઝાપડિયા, રવિ મનજીભાઈ નદાસિયા, રાજેશ ઉર્ફે ભોલો પંકજભાઈ નદાસિયા અને મથુર બચુભાઈ દલોલિયા નામના પાંચ શખ્સને રોકડ, ચાર મોબાઈલ ફોન, એક બાઈક અને ગંજીપાના સાથે દબોચી લઈ જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. છઠ્ઠા બનાવમાં ભાવનગર શહેરના બોરળતાવ, આરટીઓની બાજુમાં નાળા પાસેની ખુલ્લી જગ્યામાં હાથકાપનો જુગાર રમતા ભુપત ઉર્ફે પ્રવીણ બચુભાઈ બોરાણા, સંજય ગોવિંદભાઈ મકવાણા અને હર્ષદ જગદીશભાઈ ખોખર નામના શખ્સોને બોરતળાવ પોલીસે ઝડપી લઈ લોકઅપ હવાલે કર્યા હતા.

એક્સિસ બેંક લિમિટેડ (સિન: L65110GJ1993PLC020769)
કોર્પોરેટ ઓફિસ ખાતે સ્ટ્રક્ચર્ડ એસેટ્સ ગ્રૂપ : 7 માળ, "એક્સિસ હાઉસ", સી-2, વાડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુદ્ધકર માર્ગ, વરલી, મુંબઇ - 400025. www.axisbank.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (અધિનિયમ) ૨૦૦૨ તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ.

આ દ્વારા સામાન્ય રીતે લોકોને અને ખાસ કરીને ઋણલેનાર/મોર્ગેજરને નોટિસ આપવામાં આવે છે એટલે **કેટ્રેડોહબ બી2બી લિમિટેડ** (હાલમાં આઇબીસી હેઠળ લિક્વિડેશનમાં છે) (ઋણલેનાર, મોર્ગેજર અને હાયપોથેકેટર) અને ગેરેન્ટર(ઓ) **1. શ્રી આકાશ કનુભાઈ દોમડિયા** (ડાયરેક્ટર, મોર્ગેજર એન્ડ ગેરેન્ટર) બી-૧૧, જે.કે.પાર્ક (સમર્થ) સોસાયટી, ચાંદલોડિયા, અમદાવાદ-૩૮૨૪૮૧. **૨. શ્રી હર્ષવિનોદકુમાર પટેલ** (ડાયરેક્ટર, મોર્ગેજર એન્ડ ગેરેન્ટર) ૪૦૬, મોતી ખડકી, કુબડથલ, તાલ : દસ્ક્રોઇ, કઠવાડા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૩૦. **3. શ્રી વિનોદકુમાર પરષોત્તમદાસ પટેલ** (મોર્ગેજર એન્ડ ગ્વાર્નેટર) ૪૦૬, મોતી ખડકી, કુબડથલ, તાલ : દસ્ક્રોઇ, કઠવાડા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૩૦. **૪. શ્રીમતી ભાનુબેન કનુભાઈ દોમડિયા** (મોર્ગેજર એન્ડ ગેરેન્ટર) એચ-૧૦, યુનિકસિટી હોમ્સ, આરસી ટેક્નિકલ રોડ, પ્રસંગ પાર્ટી પ્લોટ પાસે સોલા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૬૧.

આ દ્વારા સામાન્ય જનતાને અને ખાસ કરીને ઉધારકર્તા / જમીનદાર ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી સ્થાવર મિલકત એક્સિસ બેંક લિમિટેડ ને ગીરવે મૂકવામાં આવી છે. જેનો ભૌતિક કબજો કોર્ટ કમિશનર દ્વારા 12.08.2023 ના રોજ લેવામાં આવ્યો છે અને એક્સિસ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી, એટલે કે, સિક્યોર્ડ ક્રેડિટરને સોંપવામાં આવ્યો છે. તે તા. **18.09.2024** ના રોજ તે **"જે છે ત્યાં છે" "જેમ છે તેમ" અને "જે ત્યાં છે તેમ"** ના આધારે વેચવામાં આવશે. એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ભવિષ્યના વ્યાજ, ખર્ચ અને ખર્ચ વગેરે સાથે ૩૧.૦૭.૨૦૨૨ ના રોજ **રૂ. 3,92,26,636.70/- (રૂપિયા ત્રણ કરોડ બાણું લાખ છવ્વીસ હજાર છસો છત્રીસ અને સિત્તેર પૈસા પુરા)** 1 ઓગસ્ટ 2022 થી ઉપરોક્ત ઋણલેનાર અને બાંહેધરી આપનારાઓ પાસેથી એક્સિસ બેંક લિમિટેડને ચૂકવવાની તારીખ સુધી વ્યાજના કરારના દરે વ્યાજના કરારના દરે વધુ વ્યાજ સાથે.

લોટ નં.	ગુણધર્મનું વર્ણન	અનામત કિંમત
લોટ નં.૧	ઓફિસ નં. 906 અને 907 સાથે સમાધાન કરતી સ્થાવર મિલકતના તમામ ટુકડાઓ અને પાર્સલ બ્રોશર (ઓફિસ નં. 06 અને ઓફિસ નંબર 07) અનુસાર, ઓડીએ દ્વારા મંજૂર કરવામાં આવેલા પ્લાન મુજબ) (સુપર બિલ્ટ અપ એરિયા 746 ચોરસ ફૂટ) નવમા માળે (બ્લોક નં. "એ" ઉપરોક્ત જમીનનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો, જે "ટાઇટેનિયમ સિટી સેન્ટર" તરીકે ઓળખાય છે, જે મૌજે: વેજલપુર ઓફ તાલુકાના વેજલપુરના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩ના ફાઇનલ પ્લોટ નં. ૨૯૩/૧ પર પડેલી અને આવેલી છે, જે નીચેની માલિકીના શ્રી હર્ષ વિનોદકુમાર પટેલની માલિકીની છે.	**અનામત કિંમત -** રૂ. 32,56,200/- (રૂપિયા બત્રીસ લાખ છપ્પન હજાર બસો પુરા) **EMD:** રૂ. 3,25,620/- (રૂપિયા ત્રણ લાખ પચીસ હજાર છસો વીસ પુરા)

ઉપરોક્ત મિલકતનો ભૌતિક કબજો કોર્ટ કમિશનર દ્વારા 12 ઓગસ્ટ, 2023ના રોજ લેવામાં આવે છે, સરફેસીં એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૪ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરવામાં આવેલા ૨૦ જુલાઈ ૨૦૨૩ ના આદેશ અનુસાર અને ભૌતિક કબજો એક્સિસ બેંક લિમિટેડની અધિકૃત કચેરીને સુપરત કર્યો હતો.

બિડ અને ઇએમડી રેમિટન્સ સબમિટ કરવાની છેલ્લી તારીખ	મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર 'એક્સિસ બેંક લિમિટેડ'ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર, **17 સપ્ટેમ્બર 2024** ના રોજ અથવા તે પહેલાં નીચેનામાંથી કોઈપણ સરનામાં પર સાંજે 5:00 વાગ્યા સુધીમાં સબમિટ કરવામાં આવશે : - **મુંબઈ** – શ્રી અતુલ મિશ્રા, એક્સિસ બેંક લિમિટેડ, સાતમો માળ, "એક્સિસ હાઉસ", "એક્સિસ હાઉસ", વાડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુધકર માર્ગ, વરલી, મુંબઈ - 400 025. મોબાઇલ : +91 9821367780 **અમદાવાદ** - શ્રી જીતેન્દ્ર પોપટ, એક્સિસ બેંક લિ. ત્રીજું આંખનું મકાન, બીજો માળ, પંચવટી સર્કલ પાસે, સી જી રોડ, અમદાવાદ- 380009. સંપર્ક નંબર 9228898782
મિલકતનું નિરીક્ષણ	નિરીક્ષણ માટે, કૃપા કરીને નીચેના નંબર +91 9821366780 પર શ્રી અતુલ મિશ્રા (અધિકૃત અધિકારી)નો સંપર્ક કરો. અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરીથી નિરીક્ષણ કરવામાં આવશે.
ઈ-હરાજીની તારીખ અને સમય	18 સપ્ટેમ્બર 2024 ના રોજ બપોરે 12.00 થી બપોરે 3.00 વાગ્યા ની વચ્ચે છેલ્લી પાંચ મિનિટમાં બોલી લગાવવાની સ્થિતિમાં દરેકને પાંચ-પાંચ મિનિટના ઓટો-એક્સ્ટેંશન સાથે.
બિડ વૃદ્ધિની રકમ	રૂ.૧,૦૦,૦૦૦/ - (માત્ર એક લાખ રૂપિયા)

સિક્યોર્ડ લેણદારને ખબર હોય તેવી એન્ક્યુમ્બરન્સઃ શૂન્ય

વેચાણના વિસ્તૃત નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.axisbank.com/auction-notices અને/ અથવા https://axisbank.auctiontiger.net પૂરી પાડવામાં આવેલી લિંકનો સંદર્ભ લો. (હરાજી આઈડી-311691)

તારીખ - 28-08-2024, સ્થળ - મુંબઈ
અધિકૃત અધિકારી, એક્સિસ બેંક લિ.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : પહેલો માળ, નં. ૧૫૯/૨૦, સુધા કોમ્પ્લેક્ષ, એટલાસ રોડ, સુભાષ ચોકની પાસે, સોનીપત - ૧૩૧૦૦૧.
શાખા ઓફિસ : ચોથો માળ, ૪૧૦, મીલેસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.
શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં. ૪૩૬-૪૪૩, એમરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેશ પાર્ક, જેતપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.
શાખા ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ, બીજો માળ, ૨૦૫, એચકે ટાવર, હનુમાન ટેકરી, આઈસીઆઈસીઆઈ બેંકની ઉપર, પાલનપુર - ૩૮૫૦૦૧.
શાખા ઓફિસ : દુકાન નં. ૭-૮, પહેલો માળ, લાભ-૧, બસ સ્ટેન્ડ રોડ, એમ પી શાહ આર્ટ ઓફ સાયન્સ કોલેજની સામે, કોટક બેંકની પાસે, સુરેન્દ્રનગર, ગુજરાત - ૩૬૩૦૦૧.
શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેંણી રકમ	અનામત કિંમત ------------ અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય	હરાજીની તારીખના એક દિવસ પહેલા	સરફેસી સ્ટેજ
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)	(H)	(I)
૧.	ચૌહાણ સાગર અરૂણ (ઉધારકર્તા), ચૌહાણ મનિષા સાગર (સહ-ઉધારકર્તા), ચૌહાણ અરૂણ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHSUR00001405837	ફ્લેટ નં. જી-૬, ગ્રાઉન્ડ ફ્લોર, સિધ્ધેશ્વર રેસીડેન્સી, આર.એસ. નં. ૩૬૪/૧, બી બ્લોક નં. ૩૧૫, મોજે - તાંતીથૈયા, પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત.	રૂા. ૩,૫૯,૯૧૬.૬૬ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૫,૪૯,૯૫૦/- ------------ રૂા. ૫૪,૯૯૫/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૨.	રાજેશભાઈ વશરામભાઈ ચૌધરી (ઉધારકર્તા), ચૌધરી તખતબેન વશરામભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHMEH00001352526 & LHMEH00001355738	ઘરનો આર.એસ. નં. ૨૮, જૂનો આર.અસ. નં. ૫/૧, પ્લોટ નં. ૭૭, ગુરુ ગ્રીન સોસાયટી, મોજે - ભોયણ, ડીસા, જીલ્લો - બનાસકાંઠા, ગુજરાત.	રૂા. ૨૦,૫૧,૧૦૩.૬૬ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૬,૭૦,૭૬૦/- ------------ રૂા. ૧,૬૭,૦૭૬/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૩.	સોલંકી જીલ (ઉધારકર્તા), સોલંકી પ્રવિણભાઈ કંચનભાઈ (સહ-ઉધારકર્તા), સોલંકી ચંદ્રીકાબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001503548 & LHBRD00001503552	એફ-૪૦૪, ચોથો માળ, દ્વારકેશ સીટી, એમએમ વોરા શોરૂમ ની સામે, દર્શનમ એન્ટીલા - ૨ ની પાસે, ટીપી નં. ૪૦, એફપી નં. ૧૪૬, બ્લોક નં. ૧૮૩, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૪.	રૂા. ૨૪,૨૭,૫૩૧.૮૬ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૯,૮૦,૦૦૦/- ------------ રૂા. ૧,૯૮,૦૦૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૪.	મોવર ઈમરાન રસુલભાઈ (ઉધારકર્તા), રાઝીયાબાનું ઈમરાનભાઈ મોવર (સહ-ઉધારકર્તા) લોન એકાઉન્ટ નં. LHSNR00001327960	ઘરનો પ્લોટ નં. ૨૫, ૨૬, ૩૧ થી ૩૪, સબ પ્લોટ નં. ૫૭, રેવન્યુ સર્વે નં. ૬૮૩/૧ પૈકી, ગામ - દુદરેજ, વઢવાણ, જીલ્લો - સુરેન્દ્રનગર.	રૂા. ૯,૫૨,૩૦૦.૧૬ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૮,૧૦,૯૦૦/- ------------ રૂા. ૮૧,૦૯૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૫.	મિશ્રા સૌરભ (ઉધારકર્તા), વિશ્વનાથ આર મિશ્રા (સહ-ઉધારકર્તા), રણજીત પરસોત્તમ વિશ્વકર્મા (જામીનદાર) લોન એકાઉન્ટ નં. LHVPI00001484570 & LHVPI00001484571	શ્રી કામધેનુ બંગ્લોઝ, પ્લોટ નં. ૮૯, આર.એસ. નં. ૨૩૮/૨, ૨૩૯, ૨૩૮/૧, ૨૩૮, બ્લોક નં. ૨૬૬, ગામ - સોયાણી, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત - ૩૯૬૩૦૫.	રૂા. ૧૭,૫૯,૪૭૮.૨૯ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૭,૦૪,૯૬૦/- ------------ રૂા. ૧,૭૦,૪૯૬/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૬.	પ્રિયાંક જે પટેલ (ઉધારકર્તા), નિમેશ રમણલાલ કનોજીયા (જામીનદાર) લોન એકાઉન્ટ નં. LHBRD00001463961 & LHBRD00001463962	ફ્લેટ નં. એ/૫૦૧, પલાશ હાઈટ્સ, આર. એસ. નં. ૫૭૮, ૫૭૯, તરસાલી, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૧૪.	રૂા. ૨૨,૯૮,૦૯૫.૨૬ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૮,૦૭,૨૦૦/- ------------ રૂા. ૧,૮૦,૭૨૦/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો
૭.	મોહમ્મદફસર લલ્લન ખાન (ઉધારકર્તા), કૌશરજહાં મોહમ્મદફસર (જામીનદાર) લોન એકાઉન્ટ નં. LHABD00001289509	ફ્લેટ નં. બી/૭૦૨, સાતમો માળ, શાહ ઈ આલમ રેસીડેન્સી, રામોલ બાય પાસ રોડ, એએમસી વોટર પંપીગ સ્ટેશનની સામે, રામોલ, અમદાવાદ-૩૮૪૪૪૯	રૂા. ૧૦,૪૧,૦૧૮.૪ ૨૨.૦૮.૨૦૨૪	રૂા. ૧૨,૨૦,૩૧૦/- ------------ રૂા. ૧,૨૨,૦૩૧/-	૨૩.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૧.૧૦.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	પ્રત્યક્ષ કબજો

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી શ્રીરામ ઓટોમોલ ઈન્ડિયા લિમિટેડ ની વેબસાઈટ : **(URL Link - eaucations.samil.in)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૩૦.૦૯.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શાખા ઓફિસના સરનામે, તા. ૩૦.૦૯.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શાખા ઓફિસના સરનામે ખાતે તા. ૩૦.૦૯.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **સુરત, બનાસકાંઠા, વડોદરા, સુરેન્દ્રનગર, અમદાવાદ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને ૯૯૨૦૮૦૭૩૦૦ નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com** ની મુલાકાત લો.

તારીખ : ૨૯.૦૮.૨૦૨૪
સ્થળ : સુરત, બનાસકાંઠા, વડોદરા, સુરેન્દ્રનગર, અમદાવાદ
અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ
CIN No. U65922MH1999PLC120106